ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G



મરચાની મોસમ - આજકાલ મસાલાની મોસમ ચાલે છે... જેમાં મરચાનો મહિમા વધતો જાય છે... લાલઘુમ મરચું, તીખુ તમતમતું મરચું, સીસકારા બોલાવતું મરચું, ચટાકેદાર મરચું સૌને ગમે છે... અને સૌ હોંસે હોંસે ખાય છે... ગાંધીનગરની આસપાસ શેરથા હોય કે રૂપાલ મરચાના સ્ટોલ ઠેર ઠેર લાગે છે... ગાંધીનગર જીલ્લાના શેરથા ગામનું મરચું આખા ગુજરાતમાં વખણાય છે... હવે રૂપાલનું પણ... ગાંધીનગરમાં 'ક' અને 'ખ' માર્ગો પર મસાલાના સ્ટોલ લાગ્યા છે... અને ગૃહિણીઓ હોંસે હોંસે ખરીદે છે....(તસવીર : કશ્યપ નિમાવત)

# ઘ-૪ વિસ્તારમાં બે આઈલેન્ડ બનાવાશે

## પ્રાયોગિક ધોરણે વ્યવસ્થા અનુરૂપ થશે તો આખરી આયોજન હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨૬

સ્વર્ણિમ પાર્કની મહત્વકાંક્ષી યોજનાને લઈ ઘ-૪ થી ચ-૪ તરફ જવાનો રસ્તો છીનવાઈ ગયો છે. જેના પરિણામે ટાઉનહોલ અને ઉદ્યોગભવન પાસેથી પસાર થતા સર્વિસ રોડનો ઉપયોગ વધી ગયો છે. આ સ્થિતિ વચ્ચે ઘ-૪ વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થા જાળવવાનો મુદ્દો મુખ્ય બની જતા તંત્ર દ્વારા ઘ-૩ થી ઘ-૫ તરફના માર્ગ પર ઘ-૪ પાસે બંને બાજુ આઈલેન્ડ બનાવવાની વિચારણા હાથ ધરવામાં આવી છે. હાલ પ્રાયોગિક ધોરણે આઈલેન્ડ બનાવાશે જેના અંતે ટ્રાફિકને લગતા પ્રશ્નોના અભ્યાસ બાદ આખરી આયોજન કરવામાં આવશે.



શહેરના મુખ્ય વિસ્તારમાં ગ-૪થી ચ-૪ વચ્ચે સ્વર્ણમ પાર્કની યોજનાનું કામ છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહ્યું છે. પ્રથમ તબક્કાની કામગીરી બાદ હાલ ઘ-૪ થી ચ-૪ વચ્ચેના રૂટમાં બીજા તબક્કાનું કામ હાથ ધરાયું છે. જેમાં આ રૂટના બંને રસ્તાઓ તેમજ વચાળે સ્થિત ઉદ્યાન પણ તોડી નાંખવામાં આવ્યો છે. હાલની સ્થિતિએ વાહનચાલકો ટાઉનહોલ તેમજ ઉદ્યોગભવન પાસેના સર્વિસરોડ પરથી પસાર થાય છે જેના લીધે હાલ ઘ-૪ના વિશાળકાય સર્કલ વિસ્તારમાં ટ્રાફિકને લગતા પ્રશ્નો ઉદભવ્યા છે. ટ્રાફિક નિયમન કથળતા તંત્ર દ્વારા ઘ-૪ પાસે બંને માર્ગને અનુલક્ષી આઈલેન્ડ બનાવવા વિચારણા હાથ ધરવામાં આવી છે. વાહનચાલકોને રોંગ સાઈડમાં જતા અટકાવવા ઉપરાંત ટ્રાફિકને મેનેજ કરવા તંત્ર કક્ષાએથી પ્રાયોગિક ધોરણે આ કામગીરી હાથ ધરાશે જયારે ટ્રાફિક વ્યવસ્થાને અનુરૂપ નિવડશે તો આઈલેન્ડ બનાવવાનું આયોજન આખરી થશે.

# જિલ્લામાંથી ૫૬૨૮ વિદ્યાર્થીઓ ધો-૧૧ સેમ-૨ની પરીક્ષા આપશે

## ૩૨ પરીક્ષા સ્થળો અને ૨૮૫ બ્લોકમાં પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨૬

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા પૂર્ણ થયા બાદ આગામી તા. ૨ એપ્રિલથી ધો-૧૧ સેમેસ્ટર-૨ની પરીક્ષા લેવાશે. જિલ્લામાંથી ૫૬૨૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ૩૨ સ્થળોએ ૨૮૫ બ્લોકમાં પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરાશે.

ધો-૧૦ અને ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ હાલ-વેકેશનની મજા માણી રહ્યા છે. જયારે ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષાને લઈ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા જરુરી તૈયારી શરુ કરી દેવાઈ છે. પરીક્ષા શાંતિપૂર્ણ અને પારદર્શક રીતે યોજાય તે માટે શિક્ષણ તંત્ર દ્વારા જરુરી આયોજન કરી દેવાયું છે. ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષા આગામી તા. ૨ થી ૯ એપ્રિલ દરમિયાન યોજાશે. જિલ્લામાંથી ૫૬૨૮ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ગાંધીનગર, માણસા, કલોલ, ચાંદખેડા સહીતના ચાર કેન્દ્રો ખાતે ૩૨ પરીક્ષા સ્થળો અને ૨૮૫ બ્લોકમાં પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરાશે. પરીક્ષા સંદર્ભે રીસીપ્ટ આપવાની કાર્યવાહી શરુ કરી દેવાઈ છે. જિલ્લામાં પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ ગેરરીતીના કોઈ બનાવ ન બને તે માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા જરુરી આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

# વીઝા અપાવવાના બ્હાને એક કરોડની ઠગાઈ

## ઓમ ઈમીગ્રેશન દ્વારા થયેલી વધુ એક કરોડની ઠગાઈ બહાર આવી સંચાલીકાના આગોતરા નામંજુર થયા

ગાંધીનગર, તા. ૨૬

સેક્ટર-૧૬માં આવેલી ઓમ ઈમીગ્રેશનના સંચાલકોએ મળીને કેનેડાના કાયમી વિઝા અપાવી દેવાના બહાને કરોડો રૂપિયાનો લોકોને ચુનો ચોપડી દીધો છે તે અંગે પોલીસ ફરીયાદ પણ નોંધાવા પામી છે. ત્યારે ઓમ ઈમીગ્રેશન દ્વારા થયેલી વધુ એક કરોડો રૂપિયાની છેતરપીંડી બહાર આવી છે. વધુ સાત જણા આ ઠગ ગેંગનો ભોગ બનેલા હોવાનુ બહાર આવ્યું છે. જો કે હજુ સુધી આ ગુનામાં એકેય આરોપી પકડાયા નથી. પોલીસ તપાસ એલસીબીને સોંપાઈ હોવા છતાં હજુ તમામના કાગળો મોકલાયા ન હોવાનું જાણવા મળ્યું છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૧૬ ખાતેની ઓમ ઈમીગ્રેશનની સંચાલીકા ભારતી દિનેશ પટેલે કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી તે નામંજુર થવા પામી છે. તો બીજી તરફ આ પ્રકારે કેનેડાના કાયમી વિઝાને બહાને વધુ ૭ જણાને છેતર્યા હોવાનું બહાર આવ્યું છે. અમદાવાદ, ગાંધીનગર શહેરના સે. ૨૬ કિશાનગર, ખેરાલુ, ડભોડા સહિતના વિસ્તારોના વ્યક્તિઓ કાયમી વિઝા માટે રૂ. ૧૨ લાખથી રૂ. ૧૯ લાખ ચુકવ્યા હતા. ભોગ બનનાર વધુ ૭ વ્યક્તિના મળીને રૂ. ૯૯.૨૩ લાખ ગયા હોવાનું ખુલ્યુ છે. સમગ્ર કૌભાંડની તપાસ એલસીબીને સોંપવા હુકમ થયો હોવા છતા કોઈ કારણસર હજુ તપાસના કાગળો એલસીબીને સોંપાયા ન હોવાનું જાણવા મળ્યું છે.

# અમદાવાદ પૂર્વના કોંગ્રેસના ઉમેદવાર સામે ભારે રોષ

ગાંધીનગર, તા.૨૬

અમદાવાદ પૂર્વ બેઠક પર કોંગ્રેસે હિંમતસિંહ પટેલને ટીકીટ આપતા સ્થાનિક કાર્યકરોમાં વિરોધનો વંટોળ ઉઠવા પામ્યો છે. કોંગ્રેસમાં આંતરકલહને કારણે હજુ સુધી વિધાનસભાની પાંચ બેઠકો માટેના ઉમેદવારોની પસંદગી થઈ શકી નથી.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક પર ભાજપે તેના ઉમેદવાર તરીકે ફિલ્મ અભિનેતા પરેશ રાવલને મેદાનમાં ઉતારતાં આ બેઠક પર હિન્દીભાષી વસતીને

● અનુસંધાન પાન-૭ પર



અમદાવાદ પૂર્વ બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે પસંદગી પામેલ ફિલ્મ અભિનેતા પદ્મશ્રી પરેશ રાવલ આજે તેમના પ્રચાર અભિયાનનો પ્રારંભ તેમના વતન પલિયડ ખાતે ગ્રામદેવતાના દર્શન કર્યા બાદ, રૂપાલ વરદાયિની માતાના આશિર્વાદ સાથે ભાટ અને કોટેશ્વર ખાતેથી કર્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યશ્રી અશોક પટેલ તથા જિલ્લા ભાજપના આગેવાનો તેમની સાથે જોડાયા હતા. શ્રી રાવલ આ પછી દહેગામ ગયા હતા. (તસવીર : દિપક જાની)

**MOTOR ACCIDENT CLAIMS JURISDICTION,MUMBAI.**
(Notice Under Section 260 (1) of MaharastraMotor VehicleAct-1989)
**APPLICATION NO.1882/12,**
M/s. B.E.S.T. ....Applicant.
V/s
M/s.Marine Cargo & amp Container Services ....Opponent.
And
New India Issu. Co. Ltd. .... Inssurer.
To,
M/s.Marine Cargo & amp Container Services,
Add: House No. 37, Bhamti, Damanwada,Moti Daman, Dist. Daman.
To,
where as per the Attached Application, Applicant have lodged Application against you to claim compenstion Under Section **166** of Motor Vehicle Act- 1988 regarding the mentioned accident Under Section165 clause (1) of Motor Vehicle Act 1988. Therfore you should remain present in Court No.**8** on **16/04/2014** at 11.00 A.M. and show cause why compensation amount demanded by applicant should not be approved.
If you will fail to remain present on above mention date then this Court will considered that you have nothing to say about the compensation and the Court will declared one sided judgment kindly note this.
This Notice issued today on **12/06/2013** with my signature and seal of the judiciary Court.
SEAL
By Order
ForAdministrator
M.A.C.Jurisdiction,Mumbai.
9,H.S. ,Mumbai- 400 001.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# શહેરમાં સાઈન બોર્ડની કંગાળ હાલત

ગાંધીનગર, તા. ૨૬

શહેરના માર્ગો સહિત વિવિધ સ્થળોની ઓળખ દર્શાવતા સાઈન બોર્ડમાં જોડણીની ભૂલોની ભરમાર જોવા મળે છે. જાળવણીના અભાવે કેટલાક ઠેકાણે આ સાઈન બોર્ડ તુટેલી અને વળેલી હાલતમાં છે. રાહદારીઓને દીશા ચિંધતા સાઈન બોર્ડ્સ દીશા વિહોણા ભાસતા લાખોના ખર્ચે પર પાણીઢોળ થઈ ગયું હોવાનુ ચિત્ર ઉપસી આવ્યું છે.

શહેરના મુખ્યમાર્ગો ઉપરાંત સર્કલોને આગવી ઓળખ આપ્યા બાદ નવા નામાભિધાન મુજબ તથા હોર્ડિંગ્સ લગાવી દેવાયા છે.




(તસવીર : કશ્યપ નિમાવત)

## તુટેલા અને વળેલા સાઈન બોર્ડ્સ દીશા વિહોણા

આ ઉપરાંત સેક્ટરોના મુખ્યમાર્ગો સહીત અન્ય માર્ગો પર સ્થિત વિવિધ સ્થળોની માહિતી આપતા દીશાસૂચક બોર્ડસ પણ લગાવાયા છે. આ કામગીરી પાછળ તંત્ર દ્વારા લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ સમય જતા આ પૈકી કેટલાક બોર્ડસ તુટેલી અને વળેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. ચ-૫ ફુવારા, સિવિલ હોસ્પિટલ તેમજ 'ખ' માર્ગ પર આ પ્રકારના તુટેલા અને વળેલા બોર્ડસ જોવા મળી રહ્યા છે. જેના પરિણામે અજાણ્યા રાહદારીઓ પણ દીશા ભટકે તેવી સ્થિતિ છે. જ્યારે કેટલાક ઠેકાણે માર્ગ અને સ્થળોના નામ દર્શાવતા હોર્ડિંગ્સમાં ભૂલોની ભરમાર જોવા મળે છે. શહેરમાં સાઈન બોર્ડ મુકવાની કામગીરી વેળાએ પણ આડેધડ બોર્ડ મુકી દેવાયા હતા. જો કે ત્યારબાદ ઉચ્ચકક્ષાએથી ઠપકો મળતા તંત્રએ પુનઃ અભ્યાસ હાથ ધરી ભૂલો સુધારી હતી. હાલ પણ આ મામલે જરૂરી સુધારા-વધારા અનિવાર્ય હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.




SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com